GJVD020014592006

# SPCS 212/2006

## -// આંક- ૧ લગત હુકમ //-

મજકુર કામ સને ૨૦૦૬ નું ઘણું જુનું છે અને રેકર્ડ ધ્યાને લેતાં સદર કામે આંક-૪૫ વાળી પુરશીસથી પ્રતિવાદી તથા તેમના પત્ની મરણ ગયા છે તેવુ ન્યૂઝપેપર દ્વારા ખબર પડેલ છે તેવી પુરશીસ તા.૨૯/૩/૨૦૧૯ના રોજ રેકર્ડ પર પ્રતિવાદી તર્ફેના વિ.વ.શ્રીનાઓએ પુરશીશથી જાહેર કરેલું છે. સદર કામે પ્રતિવાદી નં.૧ તર્ફે આંક-૧૦ વાળા વકીલપત્ર થી વ.શ્રી સુનિતા એસ. ચતુર્વેદીનાઓનું પ્રતિવાદી નં.૧ તર્ફે વકીલપત્ર છે અને સદર પુરશીસ પણ મજકુર વિ.વ.શ્રીએ રજૂ કરેલ હોઈ તેવુ માનવાને કારણ સ્પષ્ટ થાય છે કે પ્રતિવાદી નં.૧ નાઓ મરણ ગયા છે. જ્યારે આંક-૨૯ અને ૩૦ થી મુ.તા.૨૪/૦૭/૨૦૧૮ નારોજની નોટીસ ના બેલીફશ્રીના શેરા મુજબ પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓના સરનામે જતા સ્થાનીક ઓફીસે જવાબદાર વ્યક્તિ મહેશભાઈ પટેલના જણાવ્યા મુજબ ઘણા વર્ષો પહેલા તેઓએ સદર ઓફિસ વેચાણ રાખેલ છે અને પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ ક્યાં ગયેલા છે તેઓને તેની કોઇ ચોક્કસ માહિતી નથી તેવા શેરાથી

તા.૧૯/૦૭/૨૦૧૮ નારોજ ના બેલીફશ્રી ના શેરા થી નોટીસ વગર બજે પરત આવેલ છે. મજકુર કામે આંક–૧૪ થી પ્રતિવાદી નં.૧ અને ૨ તર્ફે લેખિત જવાબ રજુ થયેલાનું જણાય છે અને તા.૦૫/૦૬/૨૦૧૭ નારોજ આંક–૧૪ થી મારા પુરોગામી ન્યાયાધીશશ્રીનાઓએ મુદ્દા ઘડેલા છે. મજકૂર કામે રેકર્ડ પર સને ૨૦૧૯ માં પ્રતિવાદી મરણ ગયાનું જાહેર થયેલ હોઇ વાદી પક્ષને વારસો જોડવા માટે વાજબી અને પૂરતી તક મળી રહે તેવા શુભ આશયથી મજકુર કામે તા.૧૪/૦૭/૨૦૨૨ ના રોજ  કોર્ટ તર્ફે મુદ્દત તા .૦૨/૦૯/૨૦૨૨ ના રોજની નોટીસ વાદી દીલ્હીના હોઇ વાદીના બદલે તેઓના વિ.વ.શ્રીનાઓને કાઢવામાં આવેલ જે નોટીસ આપેલ મોબાઇલ નંબર ઉપાડતા ન હોઇ અને ઓફીસ બંધ હોઇ તા.૦૮/૦૮/૨૦૨૨ ના રોજ નોટીસ વગર બજે પરત થયેલ છે. જ્યારે પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓને કોર્ટ તર્ફે કાઢેલ નોટીસ સદર ઓફીસ ૫ વર્ષથી બંધ થઇ ગયેલ છે અને હાલ મહિન્દ્રા કન્સ્ટ્રક્શન ઇક્વિપમેન્ટ નામની ઓફિસ આવેલ છે તેવા શેરાથી તા.૨૬/૦૭/૨૦૨૨ નારોજ શેરો કરી બેલીફશ્રીએ નોટીસ વગર બજે પરત કરેલ છે. જે મુદ્દત તા.૦૨/૦૯/૨૦૨૨ નારોજ આંક–૪૮ થી આપીને સામેલ રાખી ફરીથી મુદ્દત તા.૧૩/૧૦/૨૦૨૨ ના રોજની વાદી વકીલશ્રીને ઇશ્યૂ કરેલ નોટિસ આજરોજ બજીને આવેલ હોઇ વિવશ્રીનાઓ એ હાજર થઇ આંક–૫૨ થી વારસો અંગે મુદત અરજી રજૂ કરેલ છે તે રેકર્ડ ધ્યાને લેતા મજકુર કામે અરજી નામંજૂર કરેલ છે. વધુમાં સદર કામે વાદીની સતત ગેરહાજરી રેકર્ડ પરથી સ્પષ્ટ થાય છે . મારા પુરોગામી ન્યાયાધીશશ્રીનાઓએ આંક–૪૭ વાળી વાદી તર્ફે રજૂ થયેલ વારસો જોડવા અંગેની અરજી તા.૧૭/૦૯/૨૦૧૯ ના રોજ મંજૂર કરેલ

અને ત્યારબાદ પણ વાજબી અને પૂરતી તક વાદી પક્ષને પ્રાપ્ત થયેલ હોવા છતા સદર કામ આગળ ચલાવવા કોઈ કાર્યવાહી હાથ ધરેલાનું સ્પષ્ટ થતુ નથી.

આમ હાલના તબક્કે સંજોગો અને પરિસ્થિતિને ધ્યાનમાં લેતા વાદીની સતત બેદરકારી અને નિષ્કાળજી તથા ગેરહાજરીને ધ્યાને લેતા મજકુર કામ તેઓને આગળ ચલાવવામાં કોઈ રસ ન હોવાનુ ફલીત થતુ હોઈ સદર કામ ૨૦૦૬ નું ઘણુ જુનુ હોઈ સદર સ્ટેજ પર કામ હવે મુલત્વી રાખવા માટે કોઈ વાજબી કારણ જણાતુ ન હોઈ હાલના તબક્કે વાદીનો દાવો ડી.ડી. કરવામાં આવે તો સાચા અર્થમાં ન્યાયનો હેતુ સરે તેવુ અત્રેની અદાલતનું માનવુ હોઈ વાદીનો દાવો ડી.ડી. કરવાનો હુકમ કરવામાં આવે છે.

સ્થળ–વડોદરા.
તારીખ–૧૩/૧૦/૨૦૨૨

(જે. આર. ડોડીયા)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
વડોદરા.
જી. જે. ૦૦૬૩૭